Children's
RESEARCH UNIVERSITY

Volume I, Issue II
February, 2025

# CRU NEWSLETTER

Editor :
Dr. Rajesh Chauhan

*A newsletter for friends of CRU Gandhinagar*

## સંસ્કૃત વ્યાકરણનો વિશેષવર્ગ

**તા. ૦૧ અને ૦૨- ફેબ્રુઆરી, ૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ લિટરેચર, ફિલ્મ, મ્યુઝિયમ એન્ડ ફિઝિકલ એજ્યુકેશન વિભાગ અંતર્ગત ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ અને ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત વિષયના બોર્ડ એકઝામને લગતા ‘‘વિશેષ વ્યાકરણ સજ્જતા વર્ગ’’નું આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષ વર્ગમાં પ્રતિદિન ત્રણ કલાક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ વર્ગમાં કુલ ૧૨ વિદ્યાર્થીઓ સહભાગી રહ્યા. ૦૨ ફેબ્રુઆરીને ‘‘વસંતપંચમી’’ના દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતીનું પૂજન કરવામાં આવ્યું. આ વર્ગમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો પરંતુ તેમણે અને તેમના માતા-પિતાએ આ વર્ગના આયોજન અને વર્ગમાં ભણાવવામાં આવેલ વિષયો પરત્વે સંતોષ અને આનંદ પ્રગટ કર્યો હતો. ડો. જય ઓઝાએ આ વર્ગનું સંચાલન, સંયોજન અને પઠનકાર્ય કર્યું હતું.




---

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા
## આયોજિત અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦

**તા. ૦૮-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, બેંક ઓફ ઈન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ એસોસિયેશન તેમજ ક્રીડા-ભારતી (ગુજરાત રાજ્ય)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦નો ભવ્ય શુભારંભ થયો. ઉદ્‌ઘાટન સમારોહમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા, વડોદરા શહેરના ભાજપ પ્રમુખ ડૉ. વિજયભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે અંડર-૧૧ બહેનો માટે ૧૧ પ્રકારની સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૫૨૧ બાળાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી બાળકીઓનો ઉત્સાહ વધાર્યો હતો.




(અનુસંધાન પાના નં. ૨ ઉપર)



અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦માં કુલ ૧૧ પ્રકારની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૪૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે નવસારી જિલ્લાની પટેલ હીર, ૨૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે રાજકોટની મેનિયા ધ્રુવિ, ૧૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે સાબરકાંઠાના ભગોરા સ્વેતાબેન, ૬૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે વડોદરાની પટેલ આશ્કા, ૬૦ મીટર હર્ડલ્સમાં પ્રથમ ક્રમે કચ્છ જિલ્લાની જાડેજા મહિમાબા, ઊંચી કૂદમાં પ્રથમ ક્રમે સુરેન્દ્રનગર જિલ્લાની આયુષી મૂળિયા, જેવલિન થ્રોમાં પ્રથમ ક્રમે આણંદની ઠાકોર રિદ્ધિ, લાંબી કૂદમાં પ્રથમ ક્રમે મહેસાણાની ઠાકોર ધ્રુવિ, મેડિસિન બોલ થ્રોમાં પ્રથમ ક્રમે કચ્છની પટેલ નવિયા, સ્ટેડિન્ગ બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમે સાબરકાંઠાની પરમાર નિશા, ટેનિસ બોલ થ્રોમાં પ્રથમ ક્રમે અમદાવાદની ભૂમિકા પરમાર વિજેતા બન્યા હતા. ઈનામ-વિતરણ સમારોહમાં મહિલા અને બાળવિકાસમાં કાર્યરત પ્રોજેક્ટ મેનેજરશ્રી રોશની શાહ, કુપોષણ-મુક્ત અભિયાનમાં પ્રોજેક્ટ મેનેજરશ્રી ડૉ. અર્પિતા પટેલ, માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના સીઈઓશ્રી રાહુલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા તેમજ મહેમાનશ્રીઓના હસ્તે ૧૧ પ્રકારની દરેક સ્પર્ધામાં કુલ ૧૦ વિજેતા બાળ ખેલાડીઓને મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.





# મિલેટ્સ મહોત્સવ



**તા. ૦૯-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના M.Sc ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશનના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મિલેટ્સ મહોત્સવની મુલાકાત લેવામાં આવી હતી, ત્યાં મિલેટસથી બનેલા વિવિધ ખાદ્યપદાર્થો, વાનગીઓ અને તેમના આરોગ્યલક્ષી લાભોની જાણકારી આપતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેમજ તેનું વેચાણ પણ કરવામાં આવતું હતું. આ મહોત્સવમાં ખેડૂતો, ઉત્પાદકો અને ગ્રાહકોને મિલેટસ વિશે વધુ જાણવાની તક મળે છે. કૃષિ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરવી તેનું presentation કરવામાં આવ્યા હતું તથા બાગાયત વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થનું મૂલ્યવર્ધન માટેનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

સમાપન સમારોહમાં અમદાવાદ ખાતે યોજાયેલ મિલેટ્સ મહોત્સવમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાહેબની હાજરીની ઝલકનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું હતું.

## શિયાળુ ભોજનનો તહેવાર
## સ્વસ્થ લંચબોક્સ સ્પર્ધા
## નાના હાથો માટે શિયાળુ મિજબાની



**તા. ૧૪-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી (CRU)ના એમ.એસસી. ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશનના વિદ્યાર્થીઓ માટે ડૉ. ક્રિષ્ણા ઠક્કર દ્વારા "વિન્ટર ફીસ્ટ ફોર લિટલ હેન્ડ્સ" નામની સ્વસ્થ લંચબોક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાનાં બાળકો માટે, પોષણ અને સ્વસ્થ આહારનો સર્જનાત્મકતા આનંદ ઉજવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા દિમાગને તેમના લંચબોક્સ સાથે મજા માણવાની સાથે પૌષ્ટિક ખોરાકના વિકલ્પો શોધવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્વસ્થ ખાવાની આદતોને પ્રોત્સાહન આપવાનો હતો, જેથી તેઓ ભોજન તૈયાર કરવામાં તેમની સર્જનાત્મકતા પ્રદર્શિત કરી શકે.

સ્પર્ધા માટેના નિર્ણાયક માપદંડ નીચે મુજબ હતા.

- સર્જનાત્મકતા અને પ્રસ્તુતિ
- પોષણ સંતુલન મિલેટ સમાવેશ પર ભાર મૂકવો
- મોસમી ખાદ્ય પદાર્થનો ઉપયોગ

CRUના માનનીય કુલપતિ (VC) પ્રો. સંજય ગુપ્તા, રજિસ્ટ્રાર ડૉ. નીલેશ પંડ્યા , CRU સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત કુલ ૪૧ વ્યક્તિઓએ મૂલ્યાંકનકર્તા અને નિર્ણાયકો તરીકે ભાગ લીધો હતો.

જેમાં સહભાગીઓએ તેમની નવીન અને પૌષ્ટિક વાનગીઓથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા. પ્રો. ગુપ્તા અને ડૉ. પંડ્યા બંનેએ સ્વસ્થ ખાવાની આદતોને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓના પ્રયાસો અને સર્જનાત્મકતા માટે પ્રશંસા વ્યક્ત કરી. તેમણે સ્પર્ધામાં વિદ્યાર્થીઓના કાર્ય અને ઉત્સાહની પ્રશંસા કરી.

એકંદરે, આ કાર્યક્રમ સ્વાસ્થ્ય, સર્જનાત્મકતા અને યુવાનોના જીવનમાં પોષણના મહત્ત્વની ઉજવણીનો હતો.








# અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦નું સમાપન,

## ત્રિદિવસીય મીટમાં સમગ્ર રાજ્યમાંથી ૧૯૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો




**તા. ૧૧-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, બેંક ઓફ ઈન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ એસોસિયેશન તેમજ ક્રીડા-ભારતી (ગુજરાત રાજ્ય)ના સંયુક્ત ઉપક્રમે વડોદરાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ એમ ત્રણ દિવસ સુધી અંડર-૧૧ એથ્લેટિક્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમગ્ર રાજ્યમાંથી ૧૯૨૪ જેટલાં બાળકોએ ૧૧ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ત્રીજા અને અંતિમ દિવસે મુખ્ય મહેમાન તરીકે અકોટા વિધાનસભાના માનનીય ધારાસભ્યશ્રી ચૈતન્ય દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦ના ત્રીજા દિવસે ૧૧ વર્ષથી નાના ખેલાડી ભાઈઓની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૧૧ વર્ષથી નાનાં ૭૩૫ બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

અંડર-૧૧ ખેલાડી ભાઈઓની સ્પર્ધામાં ૪૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે ભાવનગરના જિલ્લાના પ્રશાંત ગોહિલ, ૨૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે સુરતના રૂદ્રાંશ પાનવાલા, ૧૦૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે પાલનપુરના વિવાન ચૌધરી, ૬૦ મીટર રેસમાં પ્રથમ ક્રમે પોરબંદરના હરવિજયસિંહ જાડેજા, ૬૦ મીટર હર્ડલ્સમાં પ્રથમ ક્રમે દેવભૂમિ દ્વારકાના યશવર્ધનસિંહ જાડેજા, ઊંચી કૂદમાં પ્રથમ ક્રમે ગાંધીનગરના ગૌરવ ઠાકોર, જેવલિન થ્રોમાં પ્રથમ ક્રમે આણંદના વિરેન ઠાકોર, લાંબી કૂદમાં પ્રથમ ક્રમે ખેડાના મનિષ રાઠવા, મેડિસિન બોલ થ્રોમાં પ્રથમ ક્રમે જૂનાગઢના અમન રાજ, સ્ટેન્ડિન્ગ બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમે અમદાવાદના હિયાંશ સણરિયા, ટેનિસ બોલ થ્રોમાં પ્રથમ ક્રમે રાજકોટના ધ્રુવ અનિવાલિયા વિજેતા બન્યા હતા. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો.

સંજય ગુપ્તા તેમજ મહેમાનશ્રીઓના હસ્તે ૧૧ પ્રકારની દરેક સ્પર્ધામાં ૧૦ વિજેતા બાળ ખેલાડીઓને મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા, તથા આગામી સમયમાં રમત-ગમત ક્ષેત્રે ખૂબ આગળ વધે તેવા આશીર્વચન પાઠવ્યાં હતાં.

પ્રથમ દિવસે અંડર-૧૧ બહેનો માટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સમગ્ર રાજ્યમાંથી કુલ ૫૨૧ બાળાઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બીજા દિવસે અંડર-૯ ખેલાડી ભાઈ-બહેનો માટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૬૬૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આમ ત્રિદિવસીય મીટમાં રાજ્યના તમામ જિલ્લાઓમાંથી ૧૯૨૪ બાળકોએ ભાગીદારી નોંધાવી હતી.

અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સિઝન ૩.૦માં કુલ ૪૪૦ વિજેતા બાળકોને કુલ ૧૧ લાખનાં ઈનામો, મેડલ અને પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. વધુમાં, વિજેતા બનેલાં તમામ ૪૪૦ બાળકોને ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સંકુલ (DLSS)માં સીધી પ્રવેશ પરીક્ષા આપી શકશે. જેથી તેઓ રમતગમત ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે.

આ પ્રસંગે યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાએ જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ઓલિમ્પિક ૨૦૩૬ના સ્વપ્નને સાકાર કરવા માટે આ એથ્લેટિક્સ મીટ મહત્ત્વનું પાસું બની રહી છે. આજના બાળકોમાં ઓલિમ્પિકના બીજ રોપવા માટે યુનિવર્સિટી દ્વારા એથ્લેટિક્સ મીટનું આયોજન કરાયું હતું.

સમગ્ર એથ્લેટિક્સ મીટ સિઝનનું સફળ આયોજન સંચાલકશ્રી અને યુનિવર્સિટીના શારીરિક શિક્ષણના અધ્યાપકશ્રી ડૉ. મહેન્દ્ર પટેલ અને સમગ્ર યુનિવર્સિટી સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ એસોસિયેશનના સહયોગથી માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તેમજ સ્પોર્ટ્સ ઈવેન્ટ માટે કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આર્થિક સહયોગ કરવામાં આવ્યો હતો.

# ‘શિશુ અને બાળ શિક્ષણઃ પ્રેક્ટિસ, પડકારો અને શિક્ષણશાસ્ત્ર’ પર દ્વિદિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો




**તા. ૨૦-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ટોડલર એજ્યુકેશન વિભાગ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર ખાતે ‘શિશુ અને બાળ શિક્ષણઃ પ્રેક્ટિસ, પડકારો અને શિક્ષણશાસ્ત્ર’ વિષય ઉપર ૧૮/૦૨/૨૦૨૫ અને ૧૯/૦૨/૨૦૨૫ના રોજ દ્વિદિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે આયુર્વેદાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ જાની, પૂર્વ પ્રાચાર્ય- ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તા, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના નિયામકશ્રી પ્રો. ગાર્ગીબહેન રાજપરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારના પ્રથમ દિવસે આયુર્વેદાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ જાની દ્વારા ‘ગર્ભસંસ્કાર અને બાળઉછેર’ અને રિસર્ચ સ્કોલર્સને શોધ અંગેના વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ICDSમાંથી ઉપસ્થિત શ્રીમતી શીલાબેન ઘોઘારીએ 'NCF-ECCE' વિષય પર માહિતી આપી હતી. જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી ડૉ. ઋતાબહેન પરમારે ‘બાળમનોવિજ્ઞાન’ વિશે જણાવ્યું હતું. આ અવસરે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના ટેસ્ટિંગ અને ઈવેલ્યુએશન વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મીનળબા જાડેજા દ્વારા પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન કાઉન્સેલિંગ સેન્ટરનો પરિચય આપવામાં આવ્યો હતો.

સેમિનારના બીજા દિવસે બાળ ચિકિત્સકશ્રી ડૉ. નિખિલ ખારોડ દ્વારા ‘જન્મના ૧૦૦૦ દિવસ’ વિષય પર પ્રેરક ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. ડૉ. કશ્યપી અવસ્થીએ ‘બાળવિકાસ’ અને પ્રો. મહેન્દ્ર ચોટલિયાએ ‘બાળકોના સર્વાંગી વિકાસમાં ઉપયોગી બાબતો’ વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

આ સેમિનારમાં પ્રાધ્યાપકો, સંશોધનો સહિત ૭૧થી વધુ લોકો જોડાયા હતા. સંસ્કૃત, ગુજરાતી, પરફોર્મિંગ આર્ટસ, વિજ્ઞાન, કાયદાશાસ્ત્ર જેવા વિવિધ વિષયો પર અંદાજિત ૫૦ જેટલાં સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. જેના માટે વિવિધ વિષયના તજજ્ઞોએ સંશોધનપત્રોનું મૂલ્યાંકન કર્યું હતું.

ડૉ. રૂપમ ઉપાધ્યાય, અધ્યક્ષ, ટોડલર એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તથા ડૉ. વીણા પટેલ, ડીન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના માર્ગદર્શન હેઠળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનું સંચાલન શ્રી ડૉ. પાર્થવી ડામોર, ડૉ. તૃપ્તિ ઠાકર અને ડૉ. કૃણાલ પંચાલે કર્યું હતું. આભારવિધિ શ્રી ડૉ. હયાતી વૈદ્ય, શ્રીમતી દિવ્યા રાવળે કરી હતી તેમજ ડૉ. સુનીતા લીલાણીએ સહયોગ આપ્યો હતો.



# એક દિવસીય કાર્યશાળા
# બાળ વિકાસ અને કૌટુંબિક સુખાકારી : સમાજ કાર્ય અને ગૃહ વિજ્ઞાનનું સંકલન

**તા. ૨૦-૦૨-૨૦૨૫, ગાંધીનગર**



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે ''બાળવિકાસ અને કૌટુંબિક સુખાકારી : સમાજકાર્ય અને ગૃહવિજ્ઞાનનું સંકલન'' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન થયું.



આ કાર્યશાળા માટે ગુજરાતની વિવિધ કોલેજોના હોમસાયન્સ અને સમાજકાર્ય વિષયના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ CRUના વિદ્યાર્થીઓ સહિત ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. કાર્યશાળાના ઉદ્‌ઘાટન સત્રમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. ટી. એસ. જોશી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ



નિયામકશ્રી કિશોર કાતરિયા, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી ડો. નીલેશ પંડ્યા અને વિભાગના અધ્યક્ષ પ્રો. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



આ વર્કશોપ દરમિયાન કુલ ચાર સત્ર યોજાયાં હતાં. ઉદ્ઘાટન સત્ર બાદ દ્વિતીય સત્રમાં ડો. શીતલબેન સોઢા (આસિસ્ટન્ટ પ્રોફેસર, મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણા), તૃતીય સત્રના તજજ્ઞ તરીકે સુશ્રી



સોમ્યા દવે (ન્યુટ્રિશન ઓફિસર, યુનિસેફ કચેરી, ગાંધીનગર) અને તેમની સાથે હાર્દિક શાહ (કન્સલ્ટન્ટ, યુનિસેફ કચેરી) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળાના સમાપન સત્રમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. સમાપન સત્રમાં રજિસ્ટ્રારશ્રી ડૉ. નીલેશ પંડ્યા, પ્રો. રણજિતસિંહ પવાર, પ્રો. સંજય ગુપ્તા અને પ્રો. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ હોમ સાયન્સ વિભાગના સંયોજક ડૉ. નીતાબેન ચૌધરીએ અને કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. નરેન્દ્ર વસાવાએ ભૂમિકા ભજવી હતી.

# બેટી બચાવો બેટી પઢાઓ




**તા. ૨૦-૦૨-૨૦૨૫, ગાંધીનગર**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના M.Sc ફૂડ્સ એન્ડ ન્યુટ્રીશન અને એમ.એસ.ડબ્લ્યુ ના વિદ્યાર્થીઓ માટે "બેટી બચાવો બેટી પઢાઓ"ના વર્કશોપનું આયોજન ૨૦ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું.

બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન ૨૦૧૫માં ભારત સરકારે શરૂ કર્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય લિંગ સમતુલતા પ્રોત્સાહન અને દીકરીઓને શિક્ષણ આપવાનો છે. દીકરીઓના જન્મદરમાં વૃદ્ધિ લાવવા અને મહિલાઓની સશક્તિકરણને પ્રોત્સાહિત કરવા માટે આ અભિયાન શરૂ થયું. જેમાં

૧. દીકરીઓના જન્મદર અને શિક્ષણદર વધારવા માટે શરૂ કરાયેલ અભિયાન.
૨. સ્ત્રીઓ સામે ભેદભાવ અને ભ્રૂણહત્યા રોકવાનો ઉદ્દેશ્ય.
૩. મહિલાઓના સશક્તીકરણ માટે વિવિધ શૈક્ષણિક અને આરોગ્ય યોજનાઓ.
૪. પ્રાથમિક અને ઉન્નત શિક્ષણ માટે સહાય અને પ્રોત્સાહન.
૫. રાજ્ય સરકારો અને સામાજિક સંસ્થાઓનો સહયોગ.
૬. લાડલી લક્ષ્મી અને સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી યોજનાઓ જોડાઈ.
૭. દીકરીઓ માટે પોઝિટિવ માઇન્ડસેટ વિકસાવવા માટે જાગૃતિ અભિયાન.
૮. શિક્ષણ માટે વિશેષ વજીફા અને સબસિડીના ઉપાયો.
૯. દીકરીઓના રક્ષણ માટે કડક કાયદાઓનો અમલ.
૧૦. નાની ઉંમરે લગ્ન રોકવા માટે કડક નિયંત્રણ ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.
૧૧. મહિલાઓને કાનૂની સહાય.

આ ઉપરાંત સર્ટિફિકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

## કવિસંમેલન (બાળકવિતા)




**દિનાંક: ૨૧/૦૨/૨૦૨૫**

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તથા ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ ૨૦૨૫, મળી માતૃભાષા મને ગુજરાતી હેઠળ કવિસંમેલન (બાળકવિતા)નું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગરના મા. ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ તેમજ પ્રખ્યાત બાળકવિઓશ્રી રમણલાલ સોની, બાબુ નાયક અને ગિરાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

લગભગ ૧૫૦ જેટલા શ્રોતાગણની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમગ્ર કાર્યક્રમના સંયોજક અને સંચાલક તરીકે અધ્યાપક શ્રી ડૉ. સંજય પટેલે ભૂમિકા ભજવી હતી. કવિ સંમેલનમાં વિભાગના અધ્યક્ષ પ્રોફે. પ્રશાંત પટેલ, સમગ્ર સ્ટાફગણ, વરિષ્ઠ સાહિત્યકારો અને શહેરના અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'અંડર-૧૪ લંગડી સ્પર્ધા' યોજાઈ

**તા. ૨૫-૦૨-૨૦૨૫, ગાંધીનગર**



૨૫-૦૨-૨૦૨૫ના રોજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'અંડર-૧૪ લંગડી સ્પર્ધા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રી મીરાંબેન પટેલ, યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. સંજય ગુપ્તા અને શાસનાધિકારીશ્રી પૂર્વીશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ૩૧ ટીમોએ ભાગ લીધો હતો. બાળકોને મોબાઈલથી દૂર રાખી મેદાન તરફ આકર્ષવા અને વિસરાતી ભારતીય પરંપરાગત રમતોને પુનર્જીવિત કરવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનનીય મેયરશ્રીએ બાળકોના ઉત્સાહમાં વધારો કરતાં જણાવ્યું કે, "રમત-ગમત ક્ષેત્રે આગળ વધવા માટે યોગ્ય માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી, ભવિષ્યમાં આ બાળકો આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે." શાસનાધિકારીશ્રી પૂર્વીશ પટેલે બાળકોને ભારતીય પરંપરાગત રમતો તરફ વળવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

ઈનામ વિતરણ સમારોહમાં યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. સંજય ગુપ્તા, શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રી અંકુરભાઈ ઉપાધ્યાય અને પૂર્વ ડેપ્યુટી સેક્રેટરી શ્રી નરેન્દ્રભાઈ ગામિત ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને રહેલ. ટીમોને અનુક્રમેઃ રૂ. ૧૧,૦૦૦, ૮,૦૦૦ અને ૬,૫૦૦ ના ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આમ, કુલ ૬ વિજેતા ટીમોને રૂ. ૫૧,૦૦૦ ની ઈનામી રકમ, મેડલ અને સન્માનિત પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

વેસ્ટર્ન સીડ્સ દ્વારા તમામ સ્પર્ધકો માટે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મા. કુલપતિશ્રીએ 'અંડર-૧૪ લંગડી સ્પર્ધા'ના સફળ આયોજન માટે સંયોજક ડૉ. મહેન્દ્ર પટેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન

## ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા

**દિનાંકઃ ૨૮/૦૨/૨૦૨૫**

"ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા" ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ યુનિવર્સિટી કેમ્પસમાં બપોરે ૧૨ વાગ્યે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં એમ.એસસી. ફૂડ્સ એન્ડ ન્યુટ્રિશન, એમએસડબ્લ્યુ અને પીએચ.ડી સહિતના વિવિધ અભ્યાસક્રમોના ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માનનીય કુલપતિ ટી.એસ. જોશી, રજિસ્ટ્રાર ડૉ. નીલેશ પંડ્યા અને શિક્ષણ નિયામક ડૉ. પ્રશાંત પટેલની હાજરીમાં આ સ્પર્ધા યોજાઈ હતી.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન માનનીય કુલપતિ ટી.એસ. જોશી સર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્‌બોધન આપ્યું હતું અને તેમને સ્પર્ધા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે સ્પર્ધાના સત્તાવાર ઉદ્‌ઘાટનની ઘોષણા કરીને ભાગ લેનારાઓને અભિનંદન પાઠવ્યા હતા.

સ્પર્ધાનું નિર્ણાયક કાર્ય ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સંજય પટેલે કર્યું. રજિસ્ટ્રાર ડૉ. નીલેશ પંડ્યા અને શિક્ષણ નિયામક ડૉ. પ્રશાંત પટેલે વિજેતાઓને પ્રમાણપત્રો, ઈનામો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કર્યા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન ડૉ. ક્રિષ્ના ઠક્કર, ડૉ. રીના રાઓલ અને ડૉ. શિલ્પા વાળા દ્વારા કરવામાં આવ્યું હતું.